# મિસ નવી મુંબઈ-૨૦૧૯ હરિફાઈમાં વિજાપુરના રણાસણની દિકરી બીજા સ્થાને

પ્રાંતિજ, તા.૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રણાસણ ગામની દિકરી નવી મુંબઈ ખાતે ૨૦૧૯ મિસ નવી મુંબઈ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં મિસ નવી મુંબઈ માટે કુલ-૧૯૮૦ સ્પર્ધકોએ ભાગ લીધો તાલુકાના રણાસણની દિકરી ભકિત રાવલ પણ ફાઇનલમાં પહોચી હતી તો ફાઇનલમાં ૧૭ સ્પર્ધકોમાંથી ૧ થી ૩ મિસ નવી



યોજાયેલ મિસ નવી મુંબઈહરિફાઈમાં બીજા સ્થાને આવતાં જિલ્લા સહિત ગ્રામજનો માં ખુશી નો માહોલ.

વિજાપુર ના રણાસણ સૂરજ બા પરીવારની દિકરી ભકિત પ્રદિપભાઇ કાન્તીલાલ રાવલ કે જેવો હાલ રહે ભાયંદર મુંબઇ કે જે નવી મુંબઇ ખાતે હતો અને સ્પર્ધાના ત્રણ રાઉન્ડ યોજાયા હતાં જેમાં ૧૯૮૦ સ્પર્ધકો માંથી સેમીફાઇલમાં ૪૫૦ સ્પર્ધકો પહોચ્યા હતાં અને સેમી ફાઇનલ સ્પર્ધા યોજાઈ હતી જેમાં ૪૫૦ સ્પર્ધકો માંથી ફાઇલ માં ૧૭ સ્પર્ધકો પહોચ્યા હતાં જેમાં મહેસાણા જિલ્લાની વિજપુર મુંબઈ વિનર જાહેર કરવામાં આવ્યા હતાં જેમાં વિજાપુરના રણાસણની દિકરી ભકિત રાવલ સેકન્ડ રનરસપ મિસ વર્લ્ડ વિજેતા જાહેર થઇ હતી તો જિલ્લા સહિત તાલુકામાં ગ્રામજનો જ્ઞાતિજનોમાં એક અનેરો ઉત્સાહ સાથે જીતની ખુશી જોવા મલી હતી .




## વિદ્યા મંદિર શાળામાં રગોત્સવની ઉજવણી કરાઈ

પાલનપુરની જાણીતી શૈક્ષણિક સંસ્થા વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત રાજમણિ એલીમેનટરી સેવન આઇ શાળા ખાતે રંગોત્સવ-૨૦૧૯ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના આચાર્ય ભાનુપ્રસાદ રાવલના માર્ગદર્શન હેઠળ ધોરણ ૩ થી ૫ના કુલ-૫૬૬ બાળકો પૈકી ૪૬૬ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેવોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી ઉપસ્થિત લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે વિદ્યામંદિર ટ્રસ્ટના નિયામક ડૉ. હસમુખભાઇ મોદી, મદદનીશ નિયામક મહેન્દ્રભાઇ પટેલે ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં કિલ્લોલ શિવમના પ્રમુખ દિનેશભાઇ ચૌધરી, ઉપપ્રમુખ હરેશભાઇ પટેલ, સેક્રેટરી સ્નેહલભાઇ જોષી, ખજાનચી જગદીશભાઇ સહિત કિલ્લોલ શિવમના સભ્યો, વાલીઓ તેમજ શાળા પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રાંતિજના રણછોડપુરા ખાતે છેલ્લા પાંચ દિવસથી બાળકો શાળામાં આવતા નથી

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રણછોડપુરા ખાતે આવેલ પ્રાથમિક શાળાની એક શિક્ષિકાની બદલીની માંગ સાથે ગ્રામજનો તથા વાલીઓ દ્વારા શાળાને તાળાંબધી અને તાળાબંધી બાદ છેલ્લા પાંચ દિવસથી તાળા તો ખુલ્યાં પણ વાલીઓ બાળકોને શાળામાં મોકલતા નથી. હાલ તો તંત્રની હઠાગ્રહ અને વાલીઓની જીદમાં બાળકોના અભ્યાસ સાથે તેમના ભાવી ઉપર અસર પડી છે. તંત્રના મોટા અધિકારીઓ પણ સ્થળ મુલાકાત લેવાની તસ્કરી લીધી નથી.

સરકાર દ્વારા શિક્ષણને વેગ આપવા નવાનવા અખતરાઓ કરવામાં આવે છે અને શિક્ષણ ઉચ્ચુ લાવવા માટે લાખો રૂપિયાની ગ્રાન્ટો સહિતની સહાયો પુરી પાડવામાં આવે છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રણછોડપુરા પ્રાથમિક શાળામાં શિક્ષણ નબળું હોવાને લઈને શાળાની બે શિક્ષિકાઓમાંથી નામ જોગ એક શિક્ષિકા સંગીતાબેન પટેલ વિરૂધ્ધ વાલીઓ તથા ગ્રામજનો દ્વારા નબળા શિક્ષણને લઈને સંગીતાબેન પટેલની બદલીની માંગ કરવામાં આવી છે અને રજુઆત બાદ શાળાને



તાળાબંધી અને શાળાની શિક્ષિકા દ્વારા પોલીસ ફરિયાદની ધમકી બાદ ગ્રામજનો અને વાલીઓએ શાળાના તાળા તો ખોલ્યાં પણ છેલ્લાં પાંચ પાંચ દિવસથી વાલીઓ તથા ગ્રામજનો બાળકોને શાળામાં મોકલતા નથી. હાલ તો જિલ્લા વિભાગના કોઈ મોટા અધિકારીઓએ વળીને આ તરફ જોયું પણ નથી અને જિલ્લા શિક્ષણ વિભાગની હઠાગ્રહ અને વાલીઓની એકજ જીદ કે સંગીતાબહેન પટેલની બદલીને લઈને રણછોડપુરા પ્રાથમિક શાળા છેલ્લાં પાંચ-પાંચ દિવસથી બાળકો વિહોણી શાળા બની છે અને જે શાળામાં શાળા સમયે બાળકોનો કલહાર હોય તે શાળા હાલ તો બાળકોના કલહાર વગર છે તો બીજીબાજુ અભ્યાસક્રમની સાથે પરીક્ષાઓ પણ સીરે ચડીને આવે છે અને વર્ષ પણ પૂર્ણ થવાના આરે છે તો બાળકોના અભ્યાસ સાથે તેવોના ભાવી ઉપર પણ પડી છે ત્યારે હાલ તો તંત્ર અને ગ્રામજનોની સંતાકુકડીમાં બાળકો અભ્યાસથી વંચીત રહે છે. ત્યારે આટલો મોટો ઈસ્યુ છતા શિક્ષણ વિભાગના અધિકારીઓ હાલ તો ઉગતા હોય તેવું જણાઈ આવે છે તો શિક્ષણમંત્રી આ નાનકડા ગ્રામ સામે જોઈ બાળકોના ભાવીનો ફૈંસલો કરે તેવી માંગ પણ ઉઠવા પામી છે. ત્યારે આજે રણછોડપુરા ગામે એક સીઆરસી તથા એક બીઆરસીએ ગામજનો તથા વાલીઓનો સંપર્ક કર્યો હતો પણ ગ્રામજનો કે વાલીઓ તસના મસ ના થયા.

તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલાનો રૂબરૂમાં સંપર્ક કરતાં તેવોએ જણાવ્યું કે આવતીકાલે તેવો શાળાની તથા ગ્રામજનોને મળશે અને જલ્દીમાં જલ્દી સુખદ સમાધાન અંત આવશે તેવોએ જણાવ્યું હતું.

### લુણાવાડા શિંગનલી ચોકડી નજીક ખેતરમાં

# દીપડાના પગના નિશાનને બાળ વાઘના પગ હોવાનું જણાતા દોડધામ

મહીસાગર જીલ્લામાં ગઢના પ્રાથમિક શાળાના શિક્ષકે કેમેરામાં કેદ કરેલા વાઘના દ્રશ્યોથી



વનવિભાગતંત્ર હરકતમાં આવ્યું હતું અને નાઈટ વિઝન કેમેરામાં સંતરામપુર વિસ્તારમાં આવેલા સંતપાર્ક જંગલમાં વાઘના દ્રશ્યો કેદ થતા સમગ્ર વિશ્વ અને દેશના ફલક પર મહીસાગર જીલ્લો અને વાઘ ચમક્યો હતો. વાઘે એક પશુપાલકના બકરાનો શિકાર પણ કર્યો હતો ત્યારબાદ વાઘ ગાયબ તથા વનવિભાગ તંત્ર દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ૪ દિવસ અગાઉ લુણાવાડા નજીક કંતારના જંગલમાંથી વાઘનો કોહવાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળતા વનવિભાગના કર્મચારીઓ અને વન્ય પ્રેમીઓમાં ભારે નિરાશા જોવા મળી હતી. વનવિભાગ દ્વારા વાઘના અંતિમ સંસ્કાર કર્યા હતા.

જ્યાંથી વાઘની તસ્વીર લીધી હતી તેના નજીકના વિસ્તાર એવા લુણાવાડા-ગોધરા રોડ પર શિંગનલી ચોકડની નજીક જોગમાયા હોટલની પાછળ આવેલ તળાવ નજીક દીપેન્દ્રસિંહ રાઠોડના ખેતરમાં પાણી ભરાયેલ જગ્યામાં દીપડાના પગલાંને બાળ વાઘના પગલાં સમજી વનવિભાગ તંત્રને જાણ કરતા લુણાવાડા ફોરેસ્ટ અધિકારી રોહિત પટેલ અને તેમની ટીમે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ કરી ફુટમાર્કના આધારે બાળ વાઘ નહિ પરંતુ દીપડાના પગના પંજાના નિશાન હોવાનું જણાયું હતું. આ વિસ્તારમાં વાઘનો પરિવાર રહેતો હોવાની વાયકા પર વધુ એકવાર પૂર્ણવિરામ મુકાઈ ગયું હતું.

લુણાવાડા ફોરેસ્ટ ઓફિસર રોહિત પટેલ સાથે વાત કરતા જણાવ્યું હતુંકે દીપેન્દ્રસિંહ રાઠોડના ખેતર નજીક મળી આવેલ ફૂટમાર્ક દીપડાના હોવાનું જણાવી વધુ જાણકારી આપી હતી કે વાઘના પગની સાઈઝ ૧૨ સે.મી.થી વધુ હોય છે અને તેનો આકાર હથેળી જેવો હોય છે અને દીપડાના પગની સાઈઝ ૫ સે.મી.થી મહત્તમ ૧૦ સે.મી. જેટલી હોય છે અને તેનો આકાર કેરી જેવો હોય છે ખેતર નજીકથી મળી આવેલ ફૂટમાર્ક ૬ સેમી અને તેનો આકાર પણ કેરી જેવો હોવાથી મક્કમતા પૂર્વક જોવા મળેલ ફૂટમાર્ક દીપડાનો હોવાનું જણાવ્યું હતું.

# મોડાસાના લીંભોઈથી પુંસરી રોડ પર ગલસુન્દ્રા-ઈટાડી ત્રણ રસ્તા પર સર્કલ બનાવવા માંગ

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ઈટાડી ગામ નજીક ગલસુન્દ્રા, બાયલ-ઢાંખરોલ અને ઈટાડી ગામ તરફથી આવતા માર્ગ પર ત્રણ રસ્તા મળે છે. આ ત્રણ રસ્તા પર સતત વાહનોની અવર-જવર રહેતા નાના મોટા અકસ્માતની ઘટનાઓ બનતા અકસ્માત જોન બની રહ્યો છે. ઈટાડીમાં આવેલ સુપ્રસિદ્ધ પ્રાચીન અંબાજી મંદિર આવેલું છે જે સમગ્ર પંથકમાં મીની અંબાજી તરીકે જાણીતું હોવાથી



પૂનમે અને વાર તહેવારે ભક્તોની ભારે ઉમટતી હોવાથી સતત ઈટાડી ચોકડી પર ટ્રાફિક રહેતો હોવાથી ઈટાડી ત્રણ રસ્તા પર સર્કલ બનાવવા લોકોમાં પ્રબળ માંગ ઉઠી છે.

લીંભોઇ-પુંસરી રોડ પર પુર-ઝડપે આવતા વાહનોનો ભોગ નિર્દોષ વિદ્યાર્થીઓ તેમજ પ્રજાજનો વારંવાર અકસ્માતનો ભોગ બને છે જેથી ભવિષ્યમાં અકસ્માતની ઘટનાઓના ના બને તે માટે તાત્કાલીક ધોરણે ઈટાડી ત્રણ રસ્તા પર જવાબદારતંત્ર દ્વારા સર્કલ બનાવવું જોઈ તેવું ઈટાડી ગામના જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું.

લીંભોઇ-પુંસરી અને માળકંપાથી ઈટાડી સુધીના માર્ગ પર ગાંડા બાવળો અને ઝાડી-ઝાંખરાંઓએ પોતાનું સામ્રાજ્ય જમાવી લેતા વાહનચાલકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. રોડ પર રહેલા ગાંડા બાવળ અને ઝાડી-ઝાંખરાના સામ્રાજ્યના લીધે નાના-મોટા અકસ્માતો વાહનચાલકોમાં થવાનો ભય રહેલો છે જેથી તંત્ર દ્વારા રોડની બંને બાજુ રહેલા ગાંડા બાવળોનું અને ઝાડી-ઝાંખરાંનું સામ્રાજ્ય દૂર કરવાની માંગ પણ વાહન ચાલકોમાં ઉઠી છે.

# બાયડના ડેમાઈ પુલ પર બે ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત એકનું મોત

બાયડ તાલુકાના ડેમાઈ ગામ નજીક પુલ પર વહેલી સવારે બે ટ્રક સામસામે ટકરાતા બંને ટ્રકના કેબિનનો ખુડદો બોલાઈ જતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે મોત નીપજ્યું



હતું અન્ય એક ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. અકસ્માતના પગલે ટ્રાફિક જામ થતા વાહનોની લાંબી કતારો લાગી હતી. રોડ પરથી પસાર થતા વાહનચાલકો અટવાયા હતા, અકસ્માતના પગલે દોડી આવેલી બાયડ પોલીસે મૃતકને પી.એમ. માટે ખસેડી ટ્રાફિક પૂર્વરત કરાવતા વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

મોડાસા-કપડવંજ રાજ્યધોરી માર્ગ પર ડેમાઈ પુલ ઉપરથી રોજ સેંકડો વાહનો અવર-જવર કરી રહ્યા છે. ભારે વાહનચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા હોવાથી છાસવારે અકસ્માતની ઘટનાઓમાં નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓનો ભોગ લેવાતો હોય છે. મોડાસા તરફથી જઈ રહેલા ટ્રક સાથે કપડવંજ તરફથી આવતો ટ્રક સામસામે ભટકાતા એક વ્યક્તિનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું, અન્ય એક શખ્સના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડી બાયડ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાકરીયા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી

મોડાસા, તા. ૧

મોડાસા તાલુકાની શિક્ષણમાં અગ્રેસર સાકરીયા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીમાં સુર્યમાળા અને પૃથ્વીની આજુબાજુ ફરતા ગ્રહોની નાટ્યાત્મક રીતે રજુ કરી ઉજવણી કરવામાં આવી હતી. તદઉપરાંત વિવિધ પ્રયોગો દ્વારા બાળકોને સમજણ આપવામાં આવી હતી. રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસે શાળાના બાળક દ્વારા કતૃત્વ આપવામાં આવ્યું હતું.

# અરવલ્લીમાં ઉમેદપુર-દધાલીયા ગામે ખંડુજી મહાદેવ મંદિરે મહાશિવરાત્રીનો મેળો યોજાશે

મોડાસા, તા. ૧

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં ઉમેદપુર-દધાલીયા ગામે ખંડુજી મહાદેવ મંદિરે આગામી મહાશિવરાત્રી પર્વે પ્રથમવાર મહાશિવરાત્રીનો મેળોનું ગ્રામજનો દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ભાદરવાના બીજા રવિવારે અહીં યોજાતા ભવ્ય લોકમેળાની જેમ હવે આગામી મહાશિવરાત્રીથી દર વર્ષે મેળો યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં વર્ષ દરમિયાન નાનામોટા મળીને આશરે ૧૫૨૧ જેટલા મેળા ભરાય છે. જેમાં મુખ્યત્વે દેવી-દેવતાઓ, સંતો મહંતો, પીરના મેળાઓ ભરાય છે. જેમાં રામકૃષ્ણ, મહાદેવજી, હનુમાનજી, બળિયાદેવ, નાગદાદા, રણછોડરાય, માધવરાય, સિધ્ધપુરનો, કાર્તિક પૂર્ણિમા સોમનાથ મેળો, મહાશિવરાત્રી ભવનાથ, શામળાજી, અંબાજીનો મેળો, અને અરવલ્લીના ઉમેદપુર દધાલિયા ગામે ભરાતા ખંડુજી મહાદેવ, સહિતના મેળાઓ આજે પણ ઉલ્લાસપૂર્વક ભરાય છે. અને તે આજે પણ એટલા જ મહત્વના છે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ઉમેદપુર-દધાલીયા ગામે સદીઓથી ભાદરવા મહિનાના દર બીજા રવિવારે ઉમેદપુર દધાલીયા ગામે આવેલ સ્વયંભુ ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાય છે. લોકોની માનેલી માનતા પૂરી થતી હોવાથી લોકો મોટી સંખ્યામાં સ્વયંભુ ખંડુજી મહાદેવના મંદિરે દર્શન કરવા માટે આવે છે. શ્રધ્ધાળુઓની વધતી જતી ભીડને લઈ ગામલોકો દ્વારા આ વર્ષે અનોખો નિર્ણય લેવાયો છે.

# મોડાસામાં પીવાના પાણીની માઈનોર લાઈનમાં ૭૨ કલાકમાં ત્રણ લીકેજ

મોડાસા, તા. ૧

મોડાસાના મેઘરજ રોડ પર ગટરની કામગીરી દરમિયાન આડેધડ ખોદકામથી મેઘરજ રોડ પરની રહેણાંક વિસ્તાતરમાં પ્રજાજનો પાણી માટે વલખા મારવા પડે છે. આ વિસ્તારમાં છાશવારે તૂટતી પીવાના પાણીની પાઈપલાઈનથી લોકોને હાલાકીઓ પડી રહી છે. પ્રણામીનગર વિસ્તારમાં ફરીથી પીવાના પાણીની પાઈપલાઈન તૂટતા, પાણીનો વેડફાટ થયો હતો અને નગરજનો પાણી વગર ટળવળ્યાં હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ચાલી રહેલા વિકાસલક્ષી કાર્યો જાણે આયોજન વિના થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. ૨૫ ફેબ્રુઆરીના રોજ વહેલી સવારે પીવાના પાણીની પાઈપલાઈન તૂટી હતી અને ફરી ચોથા દિવસે પણ તે જ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપ લાઈન તૂટી જતાં અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. મોડાસાના મેઘરજ રોડ વિસ્તારમાં વિકાસલક્ષી કાર્યો તો



ચાલી રહ્યા છે, પણ વારંવાર પીવાના પાણીની પાઈપલાઈન તૂટી જતાં વિકાસના કામો પ્રજાજનો માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યા છે. સતત ત્રણ દિવસમાં મેઘરજ રોડ પર ગટરની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરની બેદરકારીના પગલે ત્રીજીવાર પાણીની પાઈપલાઈન તૂટતાં હજ્જારો લીટર પાણીનો વેડફાટ થવાની સાથે પ્રજાજનો પાણી વગર ટળવળી રહ્યા છે.

જવાબદાર તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળ પર હાજર રહેતા ન હોવાથી આવી ઘટનાઓ બની રહી હોવાનું આક્રોશપૂર્વક નગરજનોએ જણાવ્યું હતું. હાલ તો કામગીરી ભલે વિકાસની થતી હોય પણ તંત્રના શિખાઉ કોન્ટ્રાક્ટરો મસ્તીથી અને બેજવાદારીપૂર્વક કામ કરતા હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે.

# રાજ્ય કરાર આધારિત કર્મચારી અધિકારી મંચના પ્રમુખ તરીકે મોડાસાના અમિત કવિની વરણી

મોડાસા, તા. ૧

ગુજરાત રાજયમાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ૭૦૦૦થી વધુ કરાર આધારિત કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓ દ્વારા ''સમાન કામ સમાન વેતન''ની માંગ સાથે થોડા દિવસ અગાઉ જીલ્લા મથકે અને તાલુકાકક્ષાએ આવેદનપત્ર આપવામાં આવ્યા હતા.

રાજ્ય સરકાર સામે તેમને થતા અન્યાય સામે લડત આપવા ગાંધીનગર ખાતે ૪૦૦૦થી વધુ કર્મચારીઓની મિટિંગ મળી હતી જેમાં ''ગુજરાત રાજ્ય કરાર આધારિત કર્મચારી અધિકાર મંચ''ની સ્થાપના કરવામાં આવી હતી. આ સંગઠનના પ્રમુખ તરીકે ઉપસ્થિત કર્મચારીઓએ મોડાસાના અમિત કવિની એકી અવાજે



પસંદગી કરતાં કરાર આધારિત કર્મચારીઓ અને અરવલ્લી જીલ્લામાં અમિત કવિને જીલ્લાના અગ્રણીઓએ શુભેચ્છા પાઠવી હતી.

# શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ મોડાસાનો સન્માન સાંસ્કૃતિક શરદોત્સવ સંપન્ન

મોડાસા, તા. ૧

શ્રી સરસ્વતી બાલમંદિર મંડળ શ્રી વીએસ પ્રા. શાળા છેલ્લા



૭ દાયકાથી અરવલ્લી જિલ્લામાં શૈક્ષણિક સેવા આપતી સંસ્થાનો શારદ ઉત્સવ મોડાસા નગરપાલિકા ટાઉનહોલ ખાતે યોજાયો. શરદ ઉત્સવમાં બાળકોને સન્માનવામાં આવ્યા સાથે સાથે બાળકો દ્વારા ભારતીય શહીદ થયેલા સૈનિકોને યાદ કરી નાટક રજૂ કરવામાં આવ્યું અને શહીદોને નાટક પૂરું થતાં આખા હોલમાં ઉપસ્થિત વાલીઓ બાળકો મહેમાનો દ્વારા શ્રદ્ધાંજલી અર્પવામાં આવી હતી. સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિશિષ્ટ સન્માન મંડળ દ્વારા મોતિયા મુક્ત અરવલ્લી, સાબરકાંઠાનું અભિયાન ચલાવતા સમતા ટ્રસ્ટના પ્રમુખને સન્માનવામાં આવ્યા. સારા દોસ્તોમાં બાળકોને સન્માનમાં તેમને પ્રોત્સાહિત કરવા ક્ષમતા ટ્રસ્ટના પ્રમુખ જીતેન્દ્રભાઈ શાહ, અન્નપૂર્ણા ટ્રસ્ટના પ્રમુખ ડો. અરૂણભાઈ શાહ, નગરપાલિકાના પ્રમુખ સુભાષભાઈ શાહ સાથે સમારંભના અધ્યક્ષ મંડળના પ્રમુખ નિલેશ જોષી હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંડળના મંત્રી નવનીત પરીખ, મુકુંદ શાહ, અલ્પેશ ગાંધી, ઉપપ્રમુખ નાનાલાલ પ્રજાપતિ વિનોદ પટેલ હરિહર ઉપાધ્યાય કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન શૈક્ષણિક ચેરમેન અમિત કવિ દ્વારા અશોક ત્રિવેદી, આચાર્ય કિરણબેન ત્રિવેદી, અમરતભાઈ રબારી, રમણભાઈ વણકર, દ્વારા કરવા મારું સમગ્ર કાર્યક્રમને વાલીઓ દ્વારા ઉત્સાહથી વધાવવામાં આવ્યો હતો.